સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

રીક્ષા ન ચલાવો, ભગવાન પર ભરોસો રાખો!
પગે ચાલી નાખો છાપાં, પ્રભુ પર ભરોસો રાખો!
સદા રહો ગરીબીમાં, ને છોડો પેટ્રોલની ચિંતા
પહોંચાડશું 'ધામ' અમારા પર ભરોસો રાખો!
(ગરીબો પેટ્રોલના ખોટા ખર્ચ ન કરે !! - પ્રધાનશ્રી)

હાઈકુ

પડશે નહીં !!
સરકારી આવાસ -
લ્યો ! મારો ફૂંક...
(ધૂળ-માઠીની મજબૂતી)

રાખી લ્યો જેલ!
પરદેશમાં પણ -
ભાડા પટ્ટેથી...
(માલ્યા જેવા VIP માટે)

ચિંતન

મલેચ્છ ભાષણં ન શિક્ષેત્ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંતી લેવામાં આવેલ છે.

મલેચ્છોની ભાષા ના શીખવી.

અસભ્ય વાણી, વાણી, ગાળ, અશ્લીલ શબ્દપ્રયોગો, જૂઠ આદિ મલેચ્છો (નીચ મનુષ્યો)ની વિશેષતાઓ છે. આ પ્રકારની વાણીને મલેચ્છ ભાષા કહે છે. આથી એ ભાષાથી બચવું જોઈએ. એને શીખવવાનો પ્રયાસ પણ ક્યારેય ના કરવો જોઈએ.

આજકાલ અજ્ઞાની અને અસંસ્કારી નેતાઓ હલકા સ્તરની ભાષામાં ગમે તેવાં નિવેદનો કરી પોતાની 'જાત'ને પ્રકટ કરે છે.

જન્મ, કુળ, સંસ્કાર અને શિક્ષણ દ્વારા જ માનવીનું ઘડતર થાય છે અને તેને કારણે જ ભાષા-વિચાર અને આચારમાં સંસ્કારીપણું આવે છે.

સુવિચાર

- મૂર્ખાઓના કેલેન્ડરમાં 'આવતીકાલ' સિવાય કશું જ નથી હોતું - **જર્મન કહેવત**
- 'નહીં કરવાના કામોની યાદી બનાવો' આ યાદી 'કરવાના કામોની યાદી કરતાં વધુ મહત્ત્વની છે' - **કાંતિ ભટ્ટ**
- કમ્યુનિકેશનમાં સૌથી મહત્ત્વની વાત તો એ છે કે જે 'નથી કહેવાયું' એ 'સાંભળવું' - **એસ. ભટ્ટાચાર્ય**
- અજ્ઞાન તો માત્ર પ્રકાશનો પડછાયો છે, તેને દૂર કરવા ફક્ત પ્રકાશ ફેંકવાની જ જરૂર છે - **અખંડ આનંદ**
- કેટલાક લોકો એટલા માટે મહાન છે કે દેખાતી અનેક નિષ્ફળતાઓ છતાં તેમણે પોતાનામાં વિશ્વાસ રાખવાનું ચાલું રાખ્યું છે - **ટોની બુઝાન**
- નિરાશાવાદી વ્યક્તિ પવનની ફરિયાદ કરે છે, આશાવાદી વ્યક્તિ 'પવન બદલાશે' એવી આશા રાખે છે, અને નેતા સઢ ને ગોઠવે છે - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : છાશનું તાજું માખણ અને કાળા તલ 'બંને ૨-૨ ગ્રામ મિક્સ કરી ખાવાથી હરસમાં તરત ફાયદો થાય છે'

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઓસ્ટ્રીયાના વિયેના શહેરમાં પેસ્ટોલા નામનો એક વિદ્યાર્થી મેડીકલ અભ્યાસક્રમમાં ભણતો હતો. ભણતા ભણતા આજુબાજુની વસ્તીમાં જઈ બાળકોને ભણાવતો. તથા અસહાય લાચાર વ્યક્તિઓને યથાસંભવ મદદ કરતો. એક વાર રસ્તે જતા તેને નાનું બાળક મળી આવ્યું. બે વર્ષનું બાળક ખૂબ રોતું હતું. તેણે પોલીસને જાણ કરીને બાળકને અનાથલાયે પહોંચાડ્યું. પેસ્ટોલાને બાળક સાથે અનોખો લગાવ થઈ ગયો હતો. એટલે એને જયારે પણ સમય મળતો ત્યારે તે પેલા બાળકને મળવા અનાથાલાય પહોંચી જતો. અનાથાલયની વારંવાર મુલાકાત પછી એણે જોયું કે ત્યાં બાળકોને રહેવા ખાવા-પીવા વગેરેની વ્યવસ્થા તો ઉત્તમ છે. પણ કર્મચારીઓ બાળકોને રફ્ટ્રીટ કરે છે. જેથી બાળકોનો વિકાસ રૂંધાય છે અને બાળકો ડરના માર્યા જીવી રહ્યા છે. ડૉકટર બનીને તેણે એક આંદોલન શરૂ કર્યું. તેણે નાના પરિવારવાળા લોકોને સમજાવ્યું કે તેઓ આવા અનાથ બાળકોને દત્તક લઈને લાડ પ્યારથી ઉછેરે. ઘણા સંઘર્ષ પછી સરકાર પણ ઝુકી અને એવા સહૃદયી પરિવારો પણ મળ્યા. આત્મીયતાના માહોલમાં ઉછેરતા અનાથ બાળકો પણ હોંશિયાર થવા લાગ્યા અને તેઓ ખરેખર ખીલી ઊઠ્યા. પેસ્ટોલાએ આજીવન લગ્ન ન કર્યા. અનાથ બાળકોને જ પોતાના સંતાન માનીને રાખ્યા. વિધવા અને ત્યક્તાઓને તેણે પોતાના ઘરમાં જ મા-બહેનની જેમ સાચવ્યા. તેની પ્રેરણાથી સારા લોકોએ તેને ખૂબ સહાય કરી અને બીજા શહેરોમાં પણ આ વ્યવસ્થા શરૂ થઈ. આ કાર્ય માટે પેસ્ટોલાને નોબલ ઈનામ પણ મળ્યું.

વન્સ મોર નરેન્દ્ર મોદી

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં બાબાસાહેબ આંબેડકર સ્કૂલમાં જઈ ઝાડું પકડ્યું અને ફરી એક વાર ગાંધીના બીબામાં ગોઠવાઈ જવાનો આયોજનપૂર્વક પ્રયાસ કર્યો. જન્મદિવસ પોતાના મતવિસ્તાર વારાણસીમાં બાળખો વચ્ચે ઊજવીને વળી વધુ એક પોઝીટીવ મેસેજ આપવાની કોશિશ કરી. સ્વચ્છતા અભિયાનથી દેશમાં કરોડો શૌચાલયો બંધાતા હોવાની અને ઘણો બધો રોગચાળો નિયંત્રણમાં આવી ગયાની વાત કરી. એ પોતાની સાથે રતન ટાટા અને અમિતાભ બચ્ચનથી લઈ સાધારણ ઝૂંપડાવાસી મહિલાઓને પણ જોડી શકે છે. એથી ઘણો વિશાળ સમુદાયમાં 'મિશન મોદી' કે 'વન્સ મોર મોદી' જેવા લક્ષ્યાંકોની બોલબાલા સંભળાતી રહે છે. મોદીને દિલ્હીની ગાદી ગમી ગઈ છે અને એમનું ચાલે તો તેઓ પંડિત જવાહરલાલ નહેરુ કે ઈંદિરા ગાંધીનો વિક્રમ તોડી વડાપ્રધાન પદે વધુમાં વધુ વર્ષ રહેવાનું પસંદ કરે તે સમજી શકાય એમ છે.એ માટે હાલ પેટ્રોલ-ડીઝલના આસમાને પહોંચેલા ભાવ તથા ગગડીને તળિયે પહોંચી ગયેલો રૂપિયો એમને નડતરરૂપ બનશે, એનો પણ એમને પૂરેપૂરો અંદાજ છે. એટલે ઈકોનોમી સુધરી ન શકે તો છેલ્લા વિકલ્પ તરીકે અયોધ્યાના રામમંદિરનું બ્રહ્માસ્ત્ર અને કાશ્મીર વિશેની ખાસ કલમ ૩૫-એ એમના સ્કેનરમાં છે જ. આ મુદ્દે જે કંઈ કરવાપણું હશે તેની જવાબદારી વફાદાર માણસોને સોંપાઈ જ ગઈ હોય. વેદાંતીએ અલ્હાબાદમાં જાહેર પણ કરી દીધું કે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ શરૂ થઈ જશે. એમણે એમ પણ કહ્યું કે એ વિશ્વનું સૌથી મોટું મંદિર હશે. એની સામે વળતરરૂપે મુસ્લિમોને માઠું ન લાગે એટલા સારું લખનૌ ખાતે વિશ્વની સૌથી મોટી મસ્જિદ પણ બાંધવામાં આવશે. આમ બેઉ પ્રતિસ્પર્ધી સમુદાયોને પણ હાથ ઉપર રાખી રામજન્મભૂમિનો વર્ષો જૂનો વિવાદ ઉકેલી નાખવાનો સંકલ્પ મોદી સરકારનો ચૂંટણીલક્ષી માસ્ટર સ્ટ્રોક પુરવાર થઈ શકે છે. એ જ રીતે જમ્મુ અને કાશ્મીરમાં દેશના કોઈ પણ રાજયનો નાગરિક મિલકત વસાવી શકે, એવી વ્યવસ્તા ઊભી કરી મોદી દેશની વાહ વાહી મેળવી શકે એમ છે. એથી કાશ્મીર ખીણ પૂરતી અંધાધુંધી જરૂર સરજાય, પરંતુ એને સેના મારફત કડક હાથે દાબી દઈ શકાય અને અત્યાર સુધી કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ હિંમતવાન નેતા તરીકે ઊપસી આવવાની તક સરજાય. અલબત્ત, પાયાની બાબતો અને ૨૦૧૪માં આપેલા ઠાલાં વચનોમાં મળેલ સદંતર નિષ્ફળતા તથા એથી એક જુઠાણાં ચલાવી પ્રજા સાથે નરી છેતરપીંડી કરતા રાજનેતા તરીકેની જે વરવી - નેગેટીવ ઈમેજ ઊભી થઈ ચૂકી છે એથી થનાર નુકશાનનું ભરપાઈ થવું અઘરું તો છે જ. દિવંગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ફોટા અને કવિતાઓથી પ્રજાને એના તાકીદના પ્રશ્નો ભૂલી ભાજપની વિજયયાત્રામાં જોડાવાનું શક્ય નથી. ખુદ બાબા રામદેવ જેવા કટ્ટર મોદી સમર્થક હવે આડકતરી નારાજગી દર્શાવતા થઈ ગયા છે. રૂપિયાની જે દુર્દશા મોદીશાસન દરમિયાન થઈ છે એવી ભૂતકાળમાં ક્યારેય થયેલ નથી. 'ઓલ ટાઈમ લો' કિંમત પર જઈ અટકેલા રૂપિયાને જોઈ બાબા રામદેવે તો કહ્યું તેમ શરમને પણ શરમ આવે એવી સ્થિતિ સરજાવા પામેલ છે. બાબાએ આ પરિસ્થિતિ માટે 'સરકારો'ની ખોટી નીતિને જવાબદાર ઠેરવી છે. 'સરકારો' કહીને એમણે મોદી સરકાર એકલી નહીં પરંતુ આગળની કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારને પણ લપેટમાં લીધી છે. આ તમામ વ્યવધાનો વચ્ચે મોદી એવા વારાયણીમાં પોતાનો જન્મદિવસ મનાવવા ગયા જેને તેઓ જાપાનના ક્યોટો શહેર જેવું રળિયામણું આધ્યાત્મિક નગર બનાવવા માગતા હતા. હજી વારાણસી વારાણસી જ રહ્યું છે અને ગંગા પહેલાં જેટલી જ ગંદી રહેવા પામી છે, તે હકીકતને કોણ નથી જાણતું?

ઉજવણીમાં સભાનતાય જરૂરી

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'પપ્પા, મને સ્ટેજ પર બોલવા જવાનું છે, દુનિયાભરના કન્ટેન્ટ રાઈટર થયા, હવે મારા માટે પણ કંઈક લખી આપો.' કવિશે એના ડેડીને કહ્યું.

'અલ્યા પણ, વિષય તો કહે...' પપ્પા ઉવાચ્... 'આ સોસાયટીમાં ગણપતિ ઉત્સવ છે. એમાં વકતૃત્વ સ્પર્ધા રાખી છે ને મારે એના વિશે તૈયારી કરીને બોલવું છે ઈનામ પણ જીતવું છે...' કવિશે જવાબ આપ્યો. બાપ - દીકરો ભેગા થયા, સમય કાઢ્યો અને આખરે ૭ મિનિટમાં બધી વાતો સમાવી શકાય એવું પ્રવચન તૈયાર થયું... સરવાળે ઘરના સહુને ફાયદો એ થયો કે ગણેશ ઉત્સવ નિમિત્તે નોલેજ વધ્યું.

ગણેશ ચતુર્થીનો દિવસ વિનાયક ચતુર્થી અને વિનાયક ચૌથના નામે પણ જાણીતો છે. હિંદુ ધર્મની માન્યતા અનુસાર આ દિવસ મંગલમૂર્તિ અને વિઘ્નહર્તા ગણેશજીનો જન્મદિવસ છે. ગુજરાત કેલેન્ડર મુજબ ભાદરવા મહિનામાં અને અંગ્રેજી કેલેન્ડર મુજબ ઓગસ્ટ - સપ્ટેમ્બરમાં આ તહેવાર આવે છે. જે ૧૧ દિવસ સુધી ઉજવાય છે. અંતિમ દિવસે અનંત ચર્તુદશીના દિવસે ગણપતિ વિસર્જન થાય છે ને આવતા વર્ષે ફરી પધારવા નિમંત્રણ અપાય છે.

ભારતમાં મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, ગોવા, કેરલ, તમિલનાડુ સહિતના અનેક રાજયોમાં અને વિદેશોમાં નેપાળ, બ્રિટન અને મોરેશિયસ જેવા દેશોમાં પણ આ તહેવાર ઉજવાય છે. ઐતિહાસિક વિગતોનો અભ્યાસ કરવાનો જયારે કવિશને આગ્રહ કર્યો ત્યારે એણે મોટીબેન ચાહત સાથે મળીને ગૂગલ પાસેથી સ્કૂલના શિક્ષકો પાસેથી અને મમ્મી જીજ્ઞા બહેન પાસેથી વિગતો મેળવી અને વકતૃત્વ સ્પર્ધા માટેનું મરીરીયલ જાતે તૈયાર કર્યું.

મહાન શાસક છત્રપતિ શિવાજી મહારાજના શાસનમાં આ ગણેશ ઉત્સવના તહેવારને વિશેષ મહત્ત્વ મળ્યું હતું. હિંદુ ધર્મ તથા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને લોકો સુધી પહોંચાડવા સાર્વજનિક રૂપથી આ તહેવારને મનાવવામાં આવતો હતો.

એ પછીના કાલખંડ પર નજર માંડીએ તો અંગ્રેજોના શાસન દરમિયાન જાહેર સ્થળોએ તહેવારો ઉજવવવા પર પ્રતિબંધ આવ્યો એ સમયે સ્વતંત્રતાના સૈનિકો એક થયા. ૧૮૯૩માં એમાં જ એક બાલ ગંગાધર તિલકે ગણેશ ચતુર્થીના ઉત્સવને પુનઃજીવિત કર્યો. ઘરમાં નહિ પરંતુ જાહેર સ્થળોએ એની ઉજવણીનું રૂપ આપ્યું. પરિણામે ૧૮૫૭ની ક્રાંતિ બાદ દેશમાં સામાજિક એકતા વિશે જાગૃતિ ફેલાવવાનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય આ ઉત્સવના માધ્યમથી થયું.

ગણેશજીની મૂર્તિઓ અમદાવાદમાં જયાં બને છે એવા એક સ્થળે ગુલબાઈ ટેકરાની મુલાકાતે પણ કવિશ અને ચાહત જઈ આવ્યા. ત્યાં કારીગરો સાથે વાતચીત કરી ત્યારે જાણવા મળ્યું કે મહિનાઓ પહેલાં ગણપતિની મૂર્તિઓ બનાવવાનું કામ શરુ થઈ જાય છે.

ઘર ઘરમાં - જાહેર સ્થળોએ સ્વચ્છ જગ્યા પર ગણપતિની મૂર્તિ બિરાજમાન થાય અને રોજ નિયમિત પૂજા - સેવા - અર્ચના થાય.

કવિશના પપ્પા મીડિયાના ફિલ્ડમાં કામ કરે એટલે વ્હોટસએપના માધ્યમથી ફરતી થયેલી લોકજાગૃતિની એક વાત પણ એણે વકતૃત્વમાં વણી લીધઈ.

પંચમહાલ જિલ્લા પોલીસ અને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા લોકજાગૃતિ હેતુ એક અભિયાન શરુ કરાયું છે. જેમાં વિસર્જન સમયે ગણપતિ પોતાના ભક્તોને પવિત્રતા જાળવવા, મોજ માટે નહિં, ભક્તિ માટે ઉત્સવ ઉજવવા, સૂત્રો બોલાવામાં અને પ્રસાદ વહેંચવામાં વિવેકપૂર્વક પસંદગી કરવા અને ઉત્સવના બહાને નશો ન કરવા જણાવે છે.

ઉત્સવ દરમિયાન પ્લાસ્ટર ઑફ પેરીસની મૂર્તિઓ - પ્લાસ્ટીકની બેગોના કારણે પ્રદૂષણ ફેલાય છે. પૂજા સામગ્રી અને પ્રસાદમા વિવેક ન સચવાય - કાળજી ન રખાય તો તેના કારણે પણ ઘણીવાર ગંદકી ફેલાય છે.

રાજય સરકાર દ્વારા માટીની મૂર્તિઓ સ્થાપના કરવા શરૂ થયેલ અભિયાન, મારીની મૂર્તિઓના વેચાણ સ્થળો વગેરે જેવી બાબતો સાંકળીને ઉત્સવ ધામધૂમથી ઉજવવા પરંતુ એ નિમિત્તે પર્યાવરણને નુકશાન ન થાય, સ્વચ્છતા જળવાય, ધાર્મિક મહત્ત્વ સમજાય એ દિશામાં જાગૃતિ રાખવી જરૂરી છે એ વાતોને સાંકળીને કવિશે જયારે પોતાની પ્રસ્તુતિ કરી ત્યારે એનો પ્રથમ નંબર તો આવ્યો જ પરંતુ એણે પોતાની બચતની રકમમાંથી સહુને આઈસ્ક્રીમ પણ ખવડાવ્યો પડ્યો.

તમે છેલ્લે કયારે કોઈને પત્ર લખ્યો હતો?

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ચિઠ્ઠી ના કોઈ સંદેસ
જાને વૉ કોન સા દેસ
જહાં તુમ ચલે ગયે !

તમને યાદ આવે છે કે તમે છેલ્લે કયારે કોઈને પત્ર લખ્યો હતો ? વ્હોટ્સએપ કે ફેસબુકના સમયમાં કાગળ લખવો વળી કઈ બલાનું નામ છે? એ પ્રશ્ન આજની, અત્યારની પેઢીને થાય તે સ્વાભાવિક છે, 'આજની પેઢી' અને 'જૂની પેઢી' આ શબ્દ પ્રયોગ જ આમ તો અનુચિત છે. કારણ કે પેઢી તો કાયમ આગળ-પાછળ થયે રાખવાની, પરંતુ આગલી પેઢી વારસામાં અત્યારનાં બાળકોને કશુંક નથી આપી શકી માટે જ તે આપણા અણમોલ વારસાથી વંચિત છે, જેમ કે પત્રલેખનનો અભ્યાસ. લગભગ પાંચ વર્ષ પહેલાં ભણાવેલ એક છાત્ર ખૂબ જ હોંશે હોંશે તેના પિતા સાથે ગઈકાલે મળવા આવ્યો, ખૂબ જ આનંદ થયો, તેને થયો તેનાથી બમણો એક શિક્ષક તરીકે મને થયો. કંઈક વાવ્યું હતું તે આજે અંકુરિત થઈને મળે ત્યારે ભારે સંતોષની લાગણી થાય છે. તે વિદ્યાર્થીને યાદ હતું કે છેલ્લે વાર્ષિક પરીક્ષા પછી પરિણામ વખતે 'વાલી-ગોષ્ઠી'માં મેં દરેક વિદ્યાર્થીને સ્વામી વિવેકાનંદની 'શક્તિદાયી વિચાર' અને એક માત્ર ચાર સંસ્કૃત પંક્તિ લખેલ પત્ર આપ્યો હતો... મોટેભાગે તેમા ભવિષ્યની સફળતા પ્રાપ્ત કરવા માટેની શુભેચ્છાઓ જ હતી. પણ આ નાની વાત તે વિદ્યાર્થીના મનમાં અંકિત થઈ ગઈ. આપણે સહુ જાણીએ છીએ. 'પત્ર'નું આગવું જ મહત્ત્વ છે. જન્મદિવસે - કે - લગ્નદિવસે કે પછી કોઈ વારે - તહેવારો જે પત્ર દ્વારા અભિવ્યક્તિ પ્રાપ્ત થતી હતી તે હવે ભૂતકાળ બની ગઈ છે. 'વ્હોટ્સએપ ગ્રુપ' માં જન્મદિવસ શુભેચ્છાના 'વન લાઈન્સ' અને પણ પાછા 'ફોર્વર્ડેડ' 'વન લાઈનર્સ' ની ભરમાર મચી જતી હોય છે, કે પછી ફેસબુક વોલ પર અઢળક કોમેન્ટ્સ અને લાઈક્સ આવી જતી હોય છે, પરંતુ મિત્રો આ બધા ઉપર કોઈ એક સંબંધીનો પત્ર આવ્યો હોય તો તે અનુભવ જ જુદો હોય છે, આપણે બધા એ આ અનુભવ કર્યો જ હશે... પુસ્તક વાંચી ન શકે તેવી અધીર પ્રજા પત્ર પણ લખી કે ન વાંચી શકે તે તો માત્ર બહાનું જ છે.

મારા માસા લગભગ દર બે મહિને એક યા બીજા પ્રસંગોપાત્ સરસ લેટરહેડ પર પત્ર લખીને આજે પણ નિયમિત મોકલે છે, અને હવે તે પત્રની એવી લત લાગી છે કે ક્યારે પત્ર આવશે તેની રાહ હોય છે. સરળ શબ્દો અને અભિવ્યક્તિ દ્વારા સામા માણસના હૃદયને કેવી રીતે દ્રવિત કરી શકીએ તેનો અનુભવ તો પત્ર મેળવનારને જ થતો હોય છે.

એક સમય હતો, આપણા વડિલો ૧૫ પૈસાના પોસ્ટ કાર્ડમાં સતત પત્રો લખીને મોકલતા રહેતા, મારા દાદા પણ નિયમિત રીતે પત્રો લખતા. મને યાદ છે, તેઓ દરરોજ ત્રણ-ચાર પોસ્ટકાર્ડ લખતા અને તેઓ જેવા પોસ્ટકાર્ડ લખી લે કે તરત જ અમારા ભાઈ-બહેનોમાં હોડ મચતી, કે કોણ પોસ્ટના ડબ્બામાં આ પત્ર નાખવા જશે ? રોજના ત્રણ-ચાર પોસ્ટ કાર્ડ.... વિચાર કરી જુઓ... સંપર્ક રાખવાની કેવી કલા આ પત્રાચાર દ્વારા જાળવી રાખી હશે તેમણે ! અજાણ્યા પાસે, અલ્પપરિચિત પાસે બિડાઈ જતો માણસ પણ અંગત પત્રોમાં ખૂલતો હોય છે. સ્વજનો કે મિત્રોને લખેલા પત્રો એટલે જ માણસનો હૃદય ખજાનો. ક્યારેક વિચાર આવે કે વાત-વિનિયમના વધતા જતા ને ઝડપી શ્રાવ્ય સાધનોને પરિણામે આપણે પત્ર-લેખનની કળા ગુમાવી બેઠા છીએ કે શું ? ટેલિફોન પર અવાજ સાંભળવા મળે, એનોયે કોઈ ઓછો આનંદ નથી, પણ પત્રમાં કેટલી બધી આત્મીય ક્ષણો, મનના ભીતરના સંવેદનોની ક્ષણો સચવાઈ રહે છે, જળવાઈ રહે છે. વારતહેવારે, શુભપ્રસંગે દેવદેવતાઓની કે સુંદર છબીઓવાળાં પોસ્ટકાર્ડ - ગ્રીટીંગ કાર્ડસ મોકલવાની પ્રથા પણ હવે તો મૃતપ્રાય થઈ રહી છે, અને તેમાં પણ જન્મદિવસ, લગ્ન દિવસ, રક્ષાબંધન કે કોઈ પણ મહત્ત્વપૂર્ણ દિવસ માટે 'આર્ચીઝ' કે 'ફિલીંગ્સ' ના મોંઘાભાવના ગ્રીટીંગ કાર્ડસ લઈને દેવાની ફેશને પણ માઝા મૂકી છે.

ઊંચીના લીધેલા પ્રેમભર્યા, સંવેદનાપૂર્ણ વાક્યોનો શિષ્ટાચાર ભર્યો થાળ પીરસીને ૫૦ કે ૧૦૦ રૂપિયાનું કાર્ડ હોંશે હોંશે એકબીજાને આપીએ છીએ, જેમાં આપણે તો માત્ર સામેવાળાનું નામ અને નીચે આપણું નામ લખવા પૂરતી જ જહેમત લઈએ છીએ. આ નર્યો દંભ છે. લાગણી અને સંબંધોની અભિવ્યક્તિ માટેના બે શબ્દો પણ જો આપણે પોતાના ન લખી શકીએ તો ડૂબી મરવા જેવું ગણાય.

પત્રો આમ તો અંગત હોય છે, પણ કેટલાક મોટા વ્યક્તિઓના અંગત પત્રો છતાંય સર્વસ્પર્શી પત્રો હોય છે, પત્ર અંગત હોય ને શિષ્ટાચાર યુક્ત પણ હોય. મેઘાણીનું 'લિં હું આવું છું.' તે પત્રસંગ્રહરૂપી પુસ્તક છે. સાતસો પાનાનાં આ ગ્રંથમાં નાના-મોટા કેટલાય પત્રો જળવાયા છે. ચૌદ વર્ષની વયે ઈ.સ. ૧૯૧૦માં મોટાભાઈને લખેલા પત્રથી આ સંગ્રહનો પ્રારંભ થાય છે, અને ઈ.સ. ૧૯૪૭માં તેમનું અવસાન થયું ત્યાં સુધીના કુલ ૫૯૮ પત્રો છે. તેવી જ રીતે રવિન્દ્રનાથે અમિયચંદ્રને લખેલા પત્રોના બંગાળીમાંથી શ્રી નગીનદાસ પારેખે ગુજરાતી અનુવાદનું પુસ્તક 'કલ્યાણીયેષુ અમિય' પણ ખૂબ જ પ્રસિદ્ધ છે. રવિન્દ્રનાથ ટાગોરે 'વિદેશીની' વિકટોરીયાને પત્રો લખ્યા છે, જે પણ ખૂબ જ પ્રસિદ્ધ છે.

ગુજરાતીમાં કિસનસિંહ ચાવડાએ ઉમાશંકરને લખેલા પત્રો 'હિમાલયની પદયાત્રા' નામે પ્રગટ થયા છે. ગાંધીજીના પત્રો, વલ્લભભાઈના પત્રો, કાન્ત-કલાપીનો પત્રસંવાદ, અમૃતા પ્રીતમ - ઈમરોઝના પત્રો, આવા વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓના પત્રો જીવનમાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, સામાજિક, રાજકીય વગેરે વિવિધ પાસાંને ઉઘાડ આપે છે. આ પત્રો અંગત હોય તો યે તેમાં સહજ પ્રગટતા સંવેદનો ને વિચાર-ચિંતન કોઈનેય સ્પર્શે એવા માર્મિક હોય છે.

વાસ્તવમાં પત્રો લખવા એટલે આપણી સ્વયંની પાસે જવાની પ્રક્રિયા છે. આપણે જે ભાવના લખીને વ્યક્ત કરીએ છીએ તે સ્પષ્ટ અને સહજ બની રહેતી હોય છે. બે-ત્રણ મહિના પહેલા 'શબ્દસૃષ્ટિ'માં રવિન્દ્રનાથ ટાગોરના પત્રોનો ગુજરાતી અનુવાદ જયંતભાઈ મેઘાણીએ કર્યો હતો તે વાંચ્યો હતો, આપણને તે એક ભાવવિશ્વ તરફ ખેંચી જાય છે. તો વળી થોડા સમય પહેલાં ચાર્લી ચેપ્લીને તેની દીકરીને લખેલો પત્ર સાંભળ્યો હતો. જી હા ! એ પત્ર લગભગ ત્રણ પાનાનો પત્ર એક સામયિકમાં આવ્યો હતો તે ખૂબ જ સુંદર લઢણમાં મને પત્રલેખનના ચાહક દ્વારા સંભળાવવામાં આવ્યો... અદ્‌ભૂત પત્ર હતો... ચાર્લી ચેપ્લીને જે દર્શન માત્ર ત્રણ પાનામાં પત્ર દ્વારા રજૂ કર્યું તે ગીતાજ્ઞાન સમું હતું... અને કોઈ પણ દીકરીના બાપ માટે અણમોલ ભાથું હતું... હાં ! પત્ર વાંચન પણ એક કળા છે, તેની વાત ફરી કોઈ વાર... કદાચ ભારતની સૌથી ઊંચાઈ અને છેવાડે આવેલ નુબ્રાવેલીથી પેંગોગ લેક જતા રસ્તામાં શ્યોક નદીના કિનારાના 'ડુરબુક' ગામની પોસ્ટ ઓફિસમાં પોતાના જ સરનામે પત્ર પોસ્ટ કર્યો હતો, તેનો રોમાંચ આજે પણ છે. કબૂતર જા જા જા...

આજના લેખને વાંચ્યા પછી તમે તો ચોક્કસ કોઈને પત્ર લખી જ નાખશો ને ! કેમ ખરું ને !

- jayuoza@gmail.com, Mo. 9898046488

જેને મળવાની મોજ પડે એ મેળાનો માનવી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

'હર કોઈ ચાહતા હૈ એક મુઠ્ઠી આસમાન, હર કોઈ ઢૂંઢતા હૈ એક મુઠ્ઠી આસમાન, જો સીને સે લગા લે હો એસા ઈક જહાં, હર કોઈ ચાહતા હૈ એક મુઠ્ઠી આસમાન...' ત્રણેક દાયકા પહેલાં રીલીઝ થયેલ ફીલ્મ 'એક મુઠ્ઠી આસમાન'નું ગીતકાર ઈન્દીવરે સ્વરબદ્ધ કરેલું અને કિશોર'દાએ દીલથી ગાયેલું આ ટાઈટલ સોંગ સૌ કોઈના હૃદયમાં ઘરબાયેલી સુખની સોચને ધમરોળીને બહાર ખેંચી લાવે એવું ગીત છે. દરેકને મનમાં એમ થતું હોય કે, મારું એક અલાયદું સુખનું, મોજનું અને મસ્તીનું લીલુંછમ્મ વૃક્ષ હોય. અને એ વૃક્ષની છાયામાં બેસીને આનંદ કરુ. ક્યાંય દૂર દૂર સુધી સંતાપના સાપોલીયાનું નામ સરખું ન હોય. ઉત્સાહના ફૂવારા, તન-મનને સદાય ગલીપચી કરતાં હોય. આસપાસ પ્રેમના મધુર સૂર કાનના રસ્તે થઈને મનને મંત્રમુગ્ધ કરી દેતાં હોય.

પણ, જીવનની એકધારી ઘટમાળમાં શું આ આનંદ-મોજ અને મસ્તી એટલી સસ્તી છે ? આનો જવાબ બિલકુલ 'હા'માં જ છે. જીવનનું સાચું સ્મિત અને મસ્તીનું સંગીત તો પ્રકૃતિની આગોશમાં અને તહેવારોના બાહુપાશમાં સમાયેલું છે. પૂર્વનો પ્રદેશ હોય કે પશ્ચિમના દેશો હોય, કોઈપણ પ્રદેશમાં પ્રકૃતિના આહલાદનો પ્રતિઘોષ એના રંગબેરંગી તહેવારોમાં છલકાતો હોય છે. એમાંય, આપણી પૂર્વની સંસ્કૃતિની વાત કરીએ તો, એની ધરોહર પ્રકૃતિના ખોળામાં પાંગરેલી છે. મોટા ભાગના લોકો સવલતોને સુખ માની લેતાં હોય છે. ખરેખર તો એકધારા જીવનમાં તહેવારો, ઉત્સવો અને મેળાઓ સુખની સાચી પરિભાષા પૂરી પાડે છે. આલિશાન વોશરૂમમાં જગૂઆરના આકર્ષક ફૂવારામાં ન્હાવાના સુખ કરતાં અષાઢ-શ્રાવણનાં જન્માષ્ટમી કે શિવરાત્રિના મેળામાં રીમઝીમ વરસતાં વરસાદમાં મનમૂકીને પલળવાનો આનંદ અનેરો હોય છે. આપણી પ્રકૃતિને અંકુરિત કરી તેને પોષતી અને વિકસાવતી તહેવારો અને મેળાઓની સંસ્કૃતિ ભીતર પડેલા ઉત્સાહને ખોબલે ખોબલે ઉલાળીને મનને પ્રફૂલ્લિત કરી મૂકે છે.

હમણાં યુ-ટ્યુબ ઉપર રોમાંચિત કરી મૂકે એવો સરસ વિડીયો જોયો. અમેરિકાના ન્યુયોર્કમાં આવેલા ફેમસ 'ટાઈમ્સ સ્કવેર'ની સડક ઉપર આપણો એક ગરવો ગુજરાતી ભાયડો એક અમેરિકનને ગરબાના સ્ટેપ શીખવાડતો હતો. પેલો અમેરિકન પણ આનંદથી આપણા આ ગુજરાતી ભાયડા સાથે કદમથી કદમ મિલાવી ગરબાનો આનંદ લેતો હતો. એ જોઈને રસ્તે ચાલતા બીજા ધોળીયાઓ ગરબા રમવામાં જોડાવા લાગ્યા. આ નાનકડા વિડીયોનું મૂળ તત્વ ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને પ્રકૃતિના આહલાદના ત્રિવેણી સંગમના અદભુત નજારાનું પ્રસ્તુતિકરણ હતું. કદાચ એટલે જ મારા જેવા લાખો ગુઅરાતીઓ માટે આ વિડીયો મનલુભાવન બન્યો.

અષાઢ મહિનો તહેવારોના ગુલદસ્તાનો છડીદાર છે. જન્માષ્ટમી, શિવરાત્રિ, રક્ષાબંધન, રામનવમી, દિવાળી, ઈદ, પોંગલ, ક્રિસમસ, હોળી વગેરે કેટકેટલા રંગબેરંગી મજેદાર તહેવારો છે. પ્રત્યેક તહેવારનો અલગ રંગ, અલગ ઉજવણી, અલગ ઉત્સાહ, અલગ સીસ્ટમ, અલગ કસ્ટમ પણ બધાય તહેવારોમાં એક વાત કોમન ફેક્ટર... 'મળવાનો આનંદ'. એકમેકની સાથે રહેવાનો ઉત્સાહ. જેટલાં તહેવારો એટલાં મેળાઓ. લોકો મળે એટલે 'મેળો'. આમ તો 'મેલા' સંસ્કૃત શબ્દ એનો સીધો સાદો અર્થ છે 'ભેગા થવું'. ભારત વર્ષમાં ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક, ખેલકૂદલક્ષી, ઔદ્યોગિક, રાષ્ટ્રીય વગેરે અલગ અલગ મેળાઓની નોખી નોખી શૈલિ. મેળાઓમાં માત્ર લોકો સ્થૂળ અર્થમાં મળતાં નથી પણ મેળામાં લોકો 'મસ્તીથી મળે છે'. ભારત દેશમાં ઉજવાતા જેટલાં તહેવારો અને લોકોત્સવોના મેળાઓ છે એટલાં ભાગ્યે જ વિશ્વના કોઈ દેશ કે પ્રદેશમાં જોવા મળતાં હશે. તહેવાર